સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત ૩ થી ૬ વર્ષના બાળકોને "Special Case" માં ટેક હોમ રેશન (THR) આપવાની મંજુરી બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૧૨૦૨૦/૧૫૬૭૫૮//બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૭/03/૨૦૨૦

વંચાણે લીધા:

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૦૯/૦૮/૨૦૧૭ નો ઠરાવ ક્ર: આઇસીડી/૧૧૨૦૧૩/૧૦૮૮/બ

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.03/0૨/૨૦૧૮ નો ઠરાવ ક્ર: આઇસીડી/૧૧૨૦૧૩/૫૯૨/બ

પ્રસ્તાવના-

વંચાણે લીધેલ ક્ર: (૧) થી સંકલિત બાળ વિકાસ યોજના(ICDS) અંતર્ગત ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘો મારફત ટેક હોમ રેશન (THR) પુરુ પાડવા માટેની કામગીરી સુપ્રત કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્ર: (૨) થી સંકલિત બાળ વિકાસ યોજના(ICDS) અંતર્ગત પુરક પોષણના દરો નક્કી કરવામાં આવેલ છે.

રાજ્યમાં નોવેલ કોરોના વાઇરસ ૨૦૧૯ (COVID-19) ની અસરને કારણે સાવચેતીના ભાગરૂપે રાજ્યની તમામ આંગણવાડી કેન્દ્રોમાં તા-૧૬/૩/૨૦૨૦ થી તા-૨૯/૩/૨૦૨૦ સુધી શૈક્ષણિક કાર્ય મોકૂફ રાખેલ છે.

અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (NFSA-2013) મુજબ આઇસીડીએસના લાભાર્થીઓને ઓછામાં ઓછા ૩૦૦ દિવસ આહાર આપવાનો છે. ૩ વર્ષથી ૬ વર્ષના આંગણવાડીમાં આવતા બાળકોને આંગણવાડીમાં ગરમ ભોજન આપવામાં આવે છે. બાકીના અન્ય લાભાર્થીઓને ઘરે લઇ જવા ટેક હોમ રેશન આપવામાં આવે છે.

ભારત સરકારના ધોરણો મુજબ પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ ૮/- મુજબ ખર્ચ કરવામાં આવે છે. તે મુજબ આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના લાભાર્થીઓ માટે બે અઠવાડિયાનો ખર્ચ રૂ. ૧૭.૫૮ કરોડ ખર્ચ થશે. હવે આ સમયગાળા દરમિયાન આ જ લાભાર્થી બાળકોને ટેક હોમ રેશનના પુરૂ પાડવાનો નિર્ણય લેવામાં આવે તો પ્રતિદિન પ્રતિ લાભાર્થી રૂ.૬/- ના દરે Transportation સહિત ટેક હોમ રેશનનો કુલ અંદાજીત ખર્ચ રૂ. ૧૭.૪૮ કરોડ થાય છે. આ હકીકત લક્ષમાં લેવામાં આવે તો સૂચવ્યા મુજબની વ્યવસ્થાથી રાજ્ય સરકારને કોઇ વધુ ખર્ચ થતો નથી. આથી GCMMF તથા અમરેલી જિલ્લાના બાબરા અને કુંકાવાવ તાલુકાના સખી સંઘને ટી.એચ.આર નું ઉત્પાદન અને વિતરણ કરવા જણાવવાનુ થાય છે.

ઠરાવ:

સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત તા.૧૬/૩/૨૦૨૦ થી તા.૨૯/૩/૨૦૨૦ અથવા જ્યાં સુધી આંગણવાડી બંધ રાખવાની સ્થિતિ ઉદભવે ત્યાં સુધી ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડીમાં ગરમ આહાર ના ભાગરૂપે "Special Case" માં ટેક હોમ રેશન (THR) તેમજ તે માટે ઉપયોગમાં લેવાના થતા ઘઉ ફાળવણીની મંજુરી આપવામાં આવે છે. આ માટેનો તમામ ખર્ચ પોષણ સદર ની વર્ષ ૨૦૨૦-૨૧ ની ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૭/૩/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

- માન. મુખ્ય મંત્રીશ્રી ના ખાસ ફરજ પર ના અધિકારીશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર.

- માન. મંત્રીશ્રી (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી રા.કા (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, બ્લોક નં ૧/૫ સરદાર ભવન, સચિવાલય ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગર
- નિયામકશ્રી( આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન તમામ...............
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત કચેરી તમામ....................

જીલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી (આઇસીડીએસ), જીલ્લા પંચાયત કચેરી, તમામ .............

સેલેક્ટ ફાઇલ